# ઓનલાઈન ટ્રાવેલ ૪૦ ટકાના દરે વધશે

અમદાવાદ : ભારતની પ્રથમ ક્રમાંકની ઓન લાઈન ટ્રાવેલ કંપની 'મેક માય ટ્રિપ કોમ' ગુજરાતમાં પોતાનો બિઝનેસ વધારવા પર ખાસ ધ્યાન આપવાની છે. સસ્તી એરલાઈન ટિકિટ, હોટેલ બુકિંગમાં વ્યાજબી દર અને રજા માણવાના ઈચ્છિત વિકલ્પો જેવી સુવિધાઓનો લાભ હવેથી ગુજરાતના ગ્રાહકો પણ મેળવી શકશે.

ઓન લાઈન ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી દર વર્ષે ૪૦ ટકાના દરે વિકાસ કરી રહી છે. વર્ષ ૨૦૦૮ સુધીમાં ઓન લાઈન ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીનું મૂલ્ય ૨ બિલિયન યુએસ ડોલર થવાનું અનુમાન છે. મુસાફરીમાં તેજી, ઓછી કિમંતની એરલાઈન ટિકિટ ઈન્ટરનેટની ઉત્પત્તિ અને છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઈ કોમર્સથી વધતી જતી સ્વીકૃતિથી આ ઈન્ડસ્ટ્રી એક અસરકારક શક્તિ તરીકે પ્રગટ થઈ છે. ઓન લાઈન ટ્રાવેલ એજન્ટની આવકમાં વધારો થવાને કારણે ઓન લાઈન ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીઝનો હિસ્સો ૨૦૦૫ માં ૩૨ ટકા હતો તે ઘટીને ૨૦૦૮માં ૧૦ ટકા થઈ જવાની શક્યતા છે.